# વિસ્ફોટક પદાર્થ સાથે એક ઈસમને પકડી પાડતી, સુરત શહેર ક્રાઈમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં નવરાત્રી તથા દિવાળીના તહેવાર નજીકમાં હોય કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી હથિયાર લઈ ફરતા ઈસમોને ઝડપી પાડવા સુચના કરેલ જે અનુસંધાને ક્રાઈમ બ્રાંચની ટીમના માણસો સાથે આ અંગેના વર્ક આઉટમાં હતા દરમ્યાન ગોડાદરાથી દેવધગામ જતા રોડ પર વિક્ટોરીયા નામના નવા બંધાતા કોમ્પ્લેક્ષ પાસેથી સોનેસીંગ ઉર્ફે સોનું જુગરાજસીંગા ઠાકુર ઉ.વ.૨૪ રહે.ગંગોત્રીનગર શ્રીકૃષ્ણ સ્કુલ પાસે, ગોડાદરા, સુરત. મુળ રહે. ગામ:-બજરીયા વોર્ડ નં.૬, દમોહખાસ જી.દમોહ (મધ્યપ્રદેશ) નાને નીચે મુજબના બોમ્બ બનાવવામાં ઉપયોગી સ્ફોટક પદાર્થો સાથે ઝડપી પાડી ડી.સી.બી.પો.સ્ટે. II ગુ.ર.નં.૧૦૦/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૨૮૬ તથા સ્ફોટક પદાર્થ અધિનિયમ ૧૯૦૮ ની કલમ ૪.૫ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) એમોનિયમ નાઈટ્રેટની હાજરી વાળી સ્ટીક નંગ-૯ (૨) બોમ્બ બનાવવામાં ઉપયોગી ડીટોનેટર-૯ (૩) ટ્રાન્જીસ્ટર બેટરી નંગ-૨ (૪) છરા ૨૫૦ ગ્રામ (૫) વાયર ૨૦ મીટર (૬) છરી નંગ-૩ (૭) મોઢે પહેરવાના માસ્ક નંગ-૩ (૮) પીળા કલરનું ટેસ્ટર નંગ-૧ (૯) હિરો હોંડા સ્પ્લેન્ડર મો.સા.-૧.